www.kamalamgujarat.com

Friday
30.10.2020
✳Volume :5 ✳ Issue No. 74
Email.: kamalamgujarat@gmail.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

**પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના પીઢ નેતા કેશુભાઈ પટેલનું ૯૨ વર્ષની વયે નિધન**

# ભાજપના પીઢ નેતા કેશુભાઈ પટેલ પંચમહાભૂતમાં વિલિન

**સંપૂર્ણ રાજકીય સન્માન સાથે પૂર્વ મુખ્યમંત્રીને વિદાય અપાઈ, રાષ્ટ્રપતિ, વડાપ્રધાન સહિતના દિગ્ગજોએ સોશિયલ મિડિયાના માધ્યમથી પૂર્વ મુખ્યમંત્રીને શ્રદ્ધાંજલિ આપી**





## ખેડૂતપુત્ર તરીકે અને લોકસેવક તરીકે ગુજરાતમાં લોકચાહના મેળવી હતી, પાટીદાર આગેવાનના નિધનથી સમગ્ર ગુજરાત શોકમાં ડૂબ્યુ

કમલમ દૈનિક, ગાંધીનગર, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના પીઢ નેતા કેશુભાઈ પટેલનું ૯૨ વર્ષની વયે નિધન થયું છે. તેમના અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજકીય સન્માન સાથે ગાંધીનગર ખાતે આવેલ સેક્ટર-૩૦ના સ્મશાન ગૃહ ખાતે કરવામાં આવ્યા હતા. જ્યાં ગણતરીની મિનિટોમાં તેમનો પાર્થિવ શરીર પંચમહાભૂતમાં વિલિન થઈ ગયું હતું. કેશુબાપાને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. તેમના અંતિમ દર્શનમાં લોકોની ભારે ભીડ ઉમટી હતી. મુખ્યમંત્રી, ઉપમુખ્યમંત્રી સહિતના લોકો અંતિમયાત્રામાં જોડાયા હતા. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીમાં કેશુભાઈ પટેલનું ખૂબ મહત્ત્વનું યોગદાન રહ્યું છે. શ્વાસ લેવામાં તકલીફ ઊભી થયા બાદ આજે તેમને સારવાર માટે સ્ટર્લિંગ હૉસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમનું નિધન

## મુખ્યમંત્રી,ના.મુખ્યમંત્રી, ભાજપ પ્રદેશ પ્રમુખ સહિતના દિગ્ગજ નેતાઓએ તેમના નિવાસસ્થાને પહોંચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી

થયું હતું. હૉસ્પિટલ ખાતે જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ સહિતના ભાજપના નેતાઓએ આજે કેશુભાઈ પટેલના નિવાસ્થાને પહોંચીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. કેશુભાઈ પટેલના નિધનના સમાચાર આવતાં જ રાજ્ય સરકાર દ્વારા તમામ સરકારી કાર્યક્રમો રદ કરાયા છે અને ૧ દિવસનો રાજકીય શોક જાહેર કર્યો છે. કેશુબાપાની તબિયત એકાએક લથડતાં ૧૦ દિવસ પહેલાં જ તેમને અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તબિયત સારી થતાં બે દિવસ પહેલાં જ તેઓને રજા અપાઈ હતી. પરંતુ અચાનક આજે વધુ તબિયત લથડતાં ફરીથી કેશુબાપાને સ્ટર્લિન હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં હોસ્પિટલના ડોક્ટર અક્ષય પટેલ તેમની સારવા કરી રહ્યા હતા. તેમણે ઘણાં પ્રયાસો કર્યા. પરંતુ તેઓને સફળતા ન મળી. કેશુબાપાને હાર્ટએટેક નીસાથે સાથે શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. તેઓને હોસ્પિટલ લવાયા ત્યારે બેભાન અવસ્થામાં જ હતા અને એકાદ કલાકમાં જ તેઓનું નિધન થયું હતું.સ્ટ્રલિંગ હોસ્પિટલના ડોક્ટર અક્ષયે જણાવ્યું હતું કે કેશુબાપાનું નિધન ૧૧:૫૫ કલાકે થયું છે. તેમને ડાયાબિટીસ, હાઈ બીપી જેવી સમસ્યાઓ હતી. સવારે તેમને હોસ્પિટલે લવાયા ત્યારે શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. બાપાની ૩૦ મિનિટ સુધી સારવાર ચાલી, પરંતુ તેઓ રિકવર ન થઈ શક્યા. કેશુબાપાને હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા લાવ્યા ત્યારે તેમને બેભાન અવસ્થામાં લાવવામાં આવ્યા હતા એક કલાક બાદ તેઓનું અવસાન થઈ ગયું હતું. દરમિયાન ગત ૧૮ સપ્ટેમ્બરના રોજ કેશુભાઈ પટેલનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ડોક્ટરની સલાહ મુજબ તેમને હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા હતા. છ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા કેશુભાઈ માર્ચ ૧૯૯૫ થી ઓક્ટોબર ૧૯૯૫ અને માર્ચ ૧૯૯૮ થી ઓક્ટોબર ૨૦૦૧ સુધી એમ કુલ બે વખત ગુજરાતના મુખ્યમંત્રી પદ પર રહી ચૂક્યા છે. ૨ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ તેમણે મુખ્યમંત્રી પદ પરથી ખરાબ તબિયતને કારણે રાજીનામું આપ્યું. ૨૦૦૨ની ચૂંટણીઓમાં કેશુભાઈએ ઉમેદવારી ન કરી. કેશુભાઈ પટેલનો કોરોના રિપોર્ટ પૉઝિટવ આવ્યા બાદ મુખ્યમંત્રી રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીએ પણ તેમના ખબર અંતર પૂછ્યા હતા. મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં કેશુભાઈ પટેલે ગોકુળિયું ગામ યોજના શરૂ કરી હતી. આ યોજના પાછળનો ઉદેશ્ય ગામડાઓમાં પણ શહેર જેવી સુવિધા ઊભી કરવાનો હતો. આ યોજનાની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી હતી. આ ઉપરાંત ભૂકંપ વખતે પણ તેમણે ખૂબ જ સારી એવી કામગીરી કરી હતી.કેશુભાઈ પટેલ વર્ષ ૧૯૯૫ અને વર્ષ ૧૯૯૮થી ૨૦૦૧ સુધી એમ બે વખત ગુજરાતના મુખ્યમંત્રી પદે રહી ચુક્યા છે. આ ઉપરાંત કેશુભાઈ પટેલ છ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. ૧૯૪૫માં કેશુભાઈ પટેલ પ્રચારક તરીકે રાષ્ટ્રીય સ્વયંમસેવક સંઘમાં જોડાયા હતા. ૧૯૮૦માં તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા.

**શ્વાસ લેવામાં મુશ્કેલીની ફરિયાદ બાદ અમદાવાદની હોસ્પિટલ સ્ટર્લિંગમાં દાખલ કરાયા હતા**

## પ્રધાનમંત્રીએ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના અવસાન બદલ દુઃખ વ્યક્ત કર્યું છે. શ્રેણીબદ્ધ ટ્વિટમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે "આપણા પ્રિય અને આદરણીય કેશુભાઈનું અવસાન થયું છે... હું ખૂબ દુઃખી અને ઉદાસ થયો છું. તેઓ સમાજના દરેક વર્ગની સંભાળ રાખનારા એક શ્રેષ્ઠ નેતા હતા. તેમનું જીવન ગુજરાતની પ્રગતિ અને દરેક ગુજરાતીના સશક્તિકરણ માટે સમર્પિત હતું. કેશુભાઈએ જનસંઘ અને ભાજપને મજબૂત કરવા ગુજરાત રાજ્યના બધા જ ખૂણાઓનો પ્રવાસ કર્યો. તેમણે કટોકટીનો પૂરેપૂરો પ્રતિકાર કર્યો. ખેડૂત કલ્યાણના પ્રશ્નો તેમના હૃદયની નજીક હતા. તેઓ ધારાસભ્ય, સાંસદ, મંત્રી અથવા મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે સુનિશ્ચિત કર્યું કે ઘણા બધા ખેડૂત મૈત્રીપૂર્ણ પગલાં પસાર થાય. કેશુભાઈએ મારા સહિત ઘણા યુવા કાર્યકર્તાઓને માર્ગદર્શન આપીને તૈયાર કર્યા. દરેક વ્યક્તિને તેમનો અનુકૂળ સ્વભાવ ખૂબ ગમતો. તેમનું અવસાન એક પૂરી ના શકાય તેવી ક્ષતિ છે. આપણે બધાં આજે દુઃખી છીએ. મારી સંવેદના તેમના પરિવાર અને શુભેચ્છકો સાથે છે. તેમના પુત્ર ભરત સાથે વાત કરી અને શોક વ્યક્ત કર્યો. ઓમ શાંતિ."

## રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.શ્રી કેશુભાઈ પટેલના નિધન પ્રત્યે દુઃખની લાગણી વ્યકત કરતાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ

- રાજ્યમાં પ્રથમવાર સ્પષ્ટ બહુમતી સાથેના પ્રથમ મુખ્યમંત્રી તરીકેનો તેમનો કાળ રાજ્યની વિકાસયાત્રામા સુવર્ણ અક્ષરે લખાશે
- ખેડૂતો, પશુપાલકો અને સામાન્ય નાગરિકોની ચિતાના હિમાયતી એવા સ્વ.શ્રી કેશુભાઈના જવાથી ગુજરાતને ન પૂરી શકાય એવી ખોટ પડી



કમલમ દૈનિક,

નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ અગ્રણી શ્રી કેશુભાઈ પટેલ ના દુઃખદ અવસાન અંગે શોક ની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલી પાઠવી છે અને એમના પરિવારજનો પર આવી પડેલ દુઃખને સહન કરવાની પ્રભુ શકિત અર્પે એવી પ્રાર્થના કરી છે. નાયબ મુખ્યમંત્રી શ્રી પટેલે સ્વ.શ્રી કેશુભાઈ પટેલને શોકાંજલી અર્પતા કહ્યુ કે,ખેડૂતો, પશુપાલકો અને સામાન્ય નાગરિકોની ચિતાના હિમાયતી એવા સ્વ.શ્રી કેશુભાઈના જવાથી ગુજરાતને ન પૂરી શકાય એવી ખોટ પડી છે.વર્ષ ૧૯૯૫માં રાજયમાં પ્રથમવાર સ્પષ્ટ બહુમતી સાથે ભારતીય જનતા પાર્ટીની પ્રથમ સરકાર બની ત્યારે તેઓ પ્રથમ મુખ્યમંત્રી બન્યા હતા એમના મુખ્યમંત્રી તરીકેનો તેમનો આ કાળ રાજયની વિકાસયાત્રામા સુવર્ણ અક્ષરે લખાશે.તેમણે શરૂ કરેલી ગોકુળ ગ્રામ યોજના ગામડાઓના સર્વાંગી વિકાસ માટે આશીર્વાદ રૂપ નીવડી હતી અને આજે પણ લોકોના મુખે ચર્ચાઈ રહી છે. એમના દીધર્દ્રષ્ટિ પૂર્ણ નિર્ણયો અને દર્ષ્ટિવંત નેતૃત્વને ત્યારબાદના અમારા મુખ્યમંત્રીશ્રીઓ એ આગળ વધારી છે જેના પરિણિમે આજે ગુજરાત દેશનુ વિકાસ મોડલ પુરવાર થઈ રહ્યુ છે. તેમણે ઉમેર્યુ કે, સ્વ શ્રી કેશુભાઈ પટેલે રાજકોટ નગર પાલિકાના સભ્ય તરીકે થી રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી અને છ વખત ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય તરીકે અને લોકસભામાં સાંસદ તરીકે પણ ચૂંટાઈને સામાન્ય નાગરિકો, ખેડૂતો અને પશુપાલકોના પ્રશ્નો ને વાચા આપી હતી. તેમણે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના ઝડપથી પૂર્ણ થાય એ માટે સંનિષ્ઠ પ્રયાસો કર્યો હતા તથા નર્મદા બંધની ઉંચાઈ વધારવા માટે રજૂઆત ના પરિણામે પ્રથમ વખત ઉંચાઈ વધારવાની મંજૂરી પણ એમના સમયમાં મળી હતી. તથા ધાર્મિક રીતે પણ તેઓ ખૂબ જ સક્રિય હતા જીવનના અંતિમ તબક્કે પણ તેઓ સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી અને ચેરમેન તરીકે સેવાઓ આપી રહ્યા હતા. નાયબ મુખ્ય મંત્રીશ્રી પટેલે ઉમેર્યુ કે, સ્વ.કેશુભાઈ પટેલને ગુજરાતમાં જનસંઘ થી લઈ ને ભાજપા સુધી વટ વૃક્ષ ઉભુ કરનારા અને રાજકીય ક્ષેત્રે મહત્વપૂર્ણ પ્રદાન કરનારા સમર્પિત નેતૃત્વ કર્તા ગણાવ્યા હતા તેમનો મારા જેવા લાખ્ખો કાર્યકરો ના ઘડતરમાં પણ સિહફાળો રહ્યો છે. તેમણે ઉમેર્યુ કે, સ્વ.શ્રી કેશુભાઈ પટેલે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્ર ને અર્પણ કરીને અનેક લોક સેવા કાર્યો થી ભાજપાને અપ્રતિમ લોક ચાહના અપાવી છે. સ્વ. કેશુભાઈ ના અવસાનથી ગુજરાતને ન પૂરી શકાય એવી ખોટ પડી છે અને આ ખોટ આપણને સદાય સાલશે તેમણે સદગત કેશુભાઈ ના આત્મા ની પરમ શાંતિની પ્રાર્થના પણ સૌ વતી કરી છે.

## પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ અગ્રણી સ્વ. કેશુભાઈ પટેલને શ્રદ્ધાંજલિ પાઠવતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી



કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ અગ્રણી સ્વ. કેશુભાઈ પટેલના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલી પાઠવી છે. મુખ્યમંત્રીશ્રીએ સ્વ. કેશુભાઈ પટેલને ગુજરાતમાં જનસંઘથી લઈને ભાજપા સુધી વટવૃક્ષ ઊભું કરનારા અને રાજકીય ક્ષેત્રે મહત્વપૂર્ણ પ્રદાન કરનારા સમર્પિત નેતૃત્વ કર્તા ગણાવ્યા હતા. સ્વ. કેશુભાઈ પટેલે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને અર્પણ કર્યું હતું. એટલું જ નહિ, ખેડૂતપુત્ર તરીકે પણ તેમણે ખેડૂત હિત સહિત અનેક લોક સેવા કાર્યોથી ભાજપાને અપ્રતિમ લોકચાહના અપાવી છે, એમ મુખ્યમંત્રીશ્રીએ સદગત સ્વ. કેશુભાઈના પ્રદાનની સરાહના કરતા જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે સ્વ. કેશુભાઈના અવસાનથી આપણને સૌને ન પૂરાય તેવી મોટી ખોટ પડી છે અને આ ખોટ આપણને સદાય સાલશે. શ્રી વિજયભાઈ રૂપાણીએ સદગત કેશુભાઈના આત્માની પરમ શાંતિની પ્રાર્થના પણ સૌ વતી કરી છે.

## કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના અવસાન અંગે શોક વ્યક્ત કર્યો.

**"કેશુભાઈના અવસાનથી ગુજરાતની રાજનીતિમાં એવી ખોટ આવી છે જેને પૂરવી સરળ નથી, તેમના પરિજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું."**



**"સોમનાથ મંદિરના ટ્રસ્ટીના રૂપમાં તેમણે મંદિરના વિકાસમાં હંમેશા આગળ આવીને સહયોગ કર્યો, તેમના કાર્યો તથા વ્યવહારથી કેશુભાઈ હંમેશા આપણી સ્મૃતિમાં રહેશે."**

કમલમ દૈનિક,

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના અવસાન અંગે ઉંડો શોક વ્યક્ત કર્યો છે. પોતાના ટ્વીટમાં શ્રી શાહે કહ્યું કે "ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ જીના અવસાનના દુઃખદ સમાચાર મળ્યા. તેમનું લાંબુ સાર્વજનિક જીવન ગુજરાતની જનતાની સેવામાં સમર્પિત રહ્યું. કેશુભાઈના અવસાનથી ગુજરાતની રાજનીતિમાં એક ખોટ આવી છે જેને પૂરવી સરળ નથી. તેમના પરિજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું." શ્રી અમિત શાહે એમ પણ કહ્યું કે "ભાજપમાં રહેતા ગુજરાતમાં સંગઠનને સશક્ત કરવામાં કેશુભાઈએ મહત્વની ભૂમિકા ભજવી. સોમનાથ મંદિરના ટ્રસ્ટીના રૂપમાં તેમણે મંદિરના વિકાસમાં હંમેશા આગળ આવી સહયોગ આપ્યો. પોતાના કાર્યો તથા વ્યવહારથી કેશુભાઈ હંમેશા આપણી સ્મૃતિમાં રહેશે. ઈશ્વર તેમને પોતાના શ્રીચરણોમાં સ્થાન આપે." શ્રી કેશુભાઈ પટેલ ૧૯૯૫ અને ૧૯૯૮થી ૨૦૦૧ સુધી બે વાર ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા. તેઓ છ વાર ગુજરાત વિધાનસભા માટે ચૂંટાયા. ૧૯૭૭માં કટોકટી પછી શ્રી કેશુભાઈ પટેલ રાજકોટથી લોકસભા માટે ચૂંટાયા પછીથી તેમણે સંસદ સભ્યના પદ પરથી રાજીનામું આપી દીધું.

## તંત્રી સ્થાનેથી......

કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર શ્રી આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા- તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે. હેલ્થ એન્ડ ન્યુટ્રીશન દિવસ ની ઉજવણી ના ભાગ રૂપે અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડાના મેડીકલ ઓફિસરશ્રી કલ્પેશ સુથાર અને તેમની આરોગ્ય ટીમ ધ્વારા બાળકો નું ગ્રોથ મોનીટરીંગ, તેમજ રસીકરણ કામગીરી તેમજ ભરવાડ વાસ, આરામ પુરા અને મોડાસા ફળિયા ખાતેની એએનસી અને પીએનસી ની હોમ વિઝિટ, તેમજ અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડા ના મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર ધ્વારા લુણાવાડા ના શાંતિ નગર, રામ નગર, પેલેસ સોસાયટી, ડુંગરા ભીંત વિસ્તાર મા પોરા નાશક પ્રવૃતિ તેમજ ડિસ્ટ્રિક્ટ કોર્ટ ખાતે અર્બન હેલ્થ લુણાવાડા ની મેડિકલ ટીમ તેમજ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની ટીમ ધ્વારા રેપિડ એન્ટી જન ટેસ્ટ કામગીરી તેમજ કૃષ્ણ કારવા અને સુવર્ણ એપાર્ટમેંટ કન્ટેઈનમેંટ એરિયા માં રોગ પ્રતિ કારક શક્તિ વધારતી હોમિયોપથીક દવા આર્સેનીક આલ્બ, તેમજ આયુર્વેદિક ઉકાળા ના પેકેટ તેમજ રોગ પ્રતિકારક કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

## જિંદગી નું પ્રકરણ

(કવિ) શ્રી પંકજ દરજી 'શિલ્પી'

મારા જિંદગીના પ્રકરણની...
ખાલી જગ્યા કંઈક એવી છે દોસ્ત,
કોઈથી ન પૂરી શકાય એવી છે દોસ્ત.
જટિલતા એની એવી એવી છે દોસ્ત,
ભલભલા પાણી ભરે છે દોસ્ત.
જીવન શતરંજ ના ખેલાડીઓ પણ,
હથિયારો હેઠા મૂકે છે દોસ્ત.
જવાબો શું છે , ખબર છે મને,
જવાબો આવતા ગભરાય છે દોસ્ત.
જવાબો અઘરા છે.. કાં પામર પ્યદાઓ છે,
કક્ષા બહારનો કદાચ, દુનિયાની સાપેક્ષમાં છું દોસ્ત.
પ્રકરણ અભ્યાસક્રમનું 'શિલ્પી'! કાં તે બહારનું છે,
ઠીક છે બધું પણ, હકીકત આ મારી છે દોસ્ત.

## ઓલપાડ તાલુકાના કરંજ ખાતે ધારાસભ્ય મુકેશભાઈ પટેલના હસ્તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત



કમલમ દૈનિક, સુરત,

ઓલપાડ તાલુકાના અસ્તાનાબાદ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કરંજના સબ સેન્ટરનું ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલના હસ્તે ખાત મુહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, તેઓના આઠ વર્ષના ધારાસભ્ય પદ હેઠળ ૯૦ ટકા કામો થયા પુરા થયા છે. ઓલપાડ તાલુકાના કીમ અને એરથાણના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ પ્રગતિશીલ રીતે ચાલી રહ્યું છે. તેમજ કરંજ પ્રાથમિક આરોગ્યનું કામ ટૂંક સમયમાં શરુ થશે. આ ઉપરાંત, સી.એચ.સી.માં પણ સરકાર પાસેથી રૂપિયા ૩૬ લાખના સાધનો મંજુર કરાવ્યા છે. જે ઓલપાડ તાલુકાની જનતાના આરોગ્ય માટે કામ આવશે. છેલ્લા આઠ વર્ષમાં આરોગ્યને લગતી એકપણ ફરિયાદ આવી નથી.તેનો અર્થ એ થાય છે કે ઓલપાડ તાલુકામાં આરોગ્યની ટીમ ખુબ સુંદર કામ કરી રહી છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી કિશોરભાઈ પાનવાલાએ જણાવ્યું કે, તાલુકાની આરોગ્ય ટીમ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.પ્રશાંત સેલરના વડપણ હેઠળ સારી કામગીરી કરી રહી છે. અને તેમની કોઈ પણ પ્રકારની ફરિયાદ નથી આવી. કોરોનાની મહામારીમાં આરોગ્યની ટીમ સાથે સાથે આશાબહેનો પણ ઓછા પગારમાં છેવાડાના માનવી સુધી કોરોનાનો સંદેશો અને આરોગ્યની વિવિધ યોજનાઓની માહિતી પહોચાડી રહી છે. તેમની કામગીરી પણ સરાહનીય છે. પ્રસંગે બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી હિતેશભાઈ પટેલ, જીલ્લા પંચાયતના સભ્યશ્રીઓ ગીતાબેન પટેલ, પારૂલબેન પટેલ, શર્મિષ્ઠાબેન તથા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી જયાબેન ભગવાકર, ઉપપ્રમુખશ્રી દિપેશભાઈ પટેલ, ઓલપાડ ગ્રામ પંચાયતના સરપંચ અને ઉપસરપંચ, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી, આરોગ્યની ટીમ, આશાબહેનો વગરેની હાજરીમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# રેલવે દ્વારા માલના પરિવહનને આકર્ષવા માટે કેટલીક વધુ માલ પ્રોત્સાહક યોજનાઓ રજૂ કરશે

કમલમ દૈનિક,

પશ્ચિમ રેલવે મંત્રાલય દ્વારા માલ પરિવહનકારોને તેમના માલ અને પાર્સલના પરિવહન ના હેતું માટે રેલ્વેમાં જોડાવા માટે આકર્ષિત કરીને દેશના આર્થિક વિકાસ વધારવાની દ્રષ્ટિથી રેલ મંત્રાલય ની અનેક પ્રોત્સાહક યોજનાઓ ની શરૂઆત કરવામાં આવી છે.સમગ્ર બજારના દશ્યને જોતા અને હાલના ટ્રાફિક પેટર્નને આધારે, આવી યોજનાઓ માલ પરિવહન ગ્રાહકો તેમજ રેલ્વે માટે પણ ફાયદાકારક છે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિત ઠાકુર દ્વારા જારી કરાયેલ એક અખબારી યાદી મુજબ, આ માલ પ્રમોશન યોજનાઓ ગ્રાહકોને વ્યવસાયમાં સરળતા આપવા અને રેલ્વે માટે વધારાના ટ્રાફિક અને આવક વધારવા માટે છે.તાજેતરના સમયમાં પણ, ૧૨૦ દિવસની એડવાન્સ બુકિંગ ની સાથે માલ પરિવાહકો ને માટે ઘણા પ્રોત્સાહનો ઉપલબ્ધ કરાયા છે.આજ ક્રમમાં, માલના પરિવહનને આકર્ષિત કરવા માટે વધારાની યોજનાઓ અને નિયમો હળવા કરવામાં આવી રહ્યા છે. રેલ્વેરેલ્વે દ્વારા માલના પરિવહન માટે ઉપલબ્ધ નવીનતમ મુખ્ય યોજનાઓ નીચે મુંજબ છે -

• ડિવિઝનલ રેલ્વે મેનેજર માટે સત્તા સોંપણી

મંડળ રેલ્વે પ્રબંધક ને ગુડ્સ શેડ્સ પર ખાનગી પાર્ટી અને રેલવેની જમીન પર ખાનગી સાઈડિંગ માલિક દ્વારા તુલા ચોકી (વે - બ્રિજ) ને સ્થાપવાની મંજૂરી આપવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

• ટીઈએફડી યોજનાનું ઉદારીકરણ

'પરંપરાગત ખાલી પ્રવાહ દિશા' યોજના હેઠળ સ્વચાલિત સૂચિત માર્ગો ને માટે નીચલી શ્રેણી ના ચાર્જ લગાવવાની યોજના હેઠળ સ્વચાલિત નૂર મુક્તિને વધુ ઉદારીકરણ બનાવવા માટે ની દ્રષ્ટિ થી , નીચે આપેલ વેગનની લઘુત્તમ સંખ્યાના માપદંડમાં ફેરફાર કરીને ઘટાડવામાં આવી છે – આવરીલેવાયેલ સ્ટોક (બી સી એન, બી સી એન એ, બી સી એન એચ એસ, બી સી એન એચ એલ)

• - ૧૦ વેગન

• ખુલ્લો સ્ટોક (BOXN) ૧૦ જૂથ - ૨૯ વેગન

• બીઓએસટી - ૨૨ વેગન

• ફ્લેટ સ્ટોક (બીઆરએન) - ૨૧ વેગન

• મિશ્ર (બી ઓ એક્સ એન બી આર એન ગ્રુપ / બી ઓ એસ ટી / બી એફ એન એસ ) - ૨૦ (દરેક પ્રકારનો ન્યુનત્તમ ૦૫ અને બી ઓ એક્સ એન થી મહત્તમ ૧૦. ) આ યોજના ૩૦.૦૮.૨૦૨૦ થી લાગુ છે અને તારીખ ૩૧.૦૩ .૨૦૨૧ સુધી માન્ય રહેશે. આવરીલેવાયેલ સ્ટોકમાં ન્યૂનતમ ૨૦ વેગન્સના મીની રેકનું લોડિંગ સંપૂર્ણ રેક કરતા ઓછું પરિવહન રાખવા વાળી પાર્ટી ને 'મિની રેક' ની સુવિધા નો લાભ આપવામાં આવ્યો છે, જે ના હેઠળ આવરીલેવાયેલ સ્ટોકમાં ઓછામાં ઓછા ૨૦ વેગન ના ટ્રેન લોડ વર્ગીકરણ હેઠળ ૧૫૦૦ કિ.મી. સુધી ના પ્રભાવ ની સુવિધા ની સાથે કરી શકાય છે ૧૫૦૦ કિલોમીટરથી વધુ ની દુરીનાં સ્થાન માટે, પાર્ટી દ્વારા નામ માત્ર ના સિવાય પૂરક સરચાર્જની ચુકવણી કરવા માં આવશે જે આ પ્રમાણે છે,.

• ૧૫૦૦ કિ.મી. સુધીના સામાન્ય ટ્રેન લોડ ચાર્જ

• ૧૫૦૦ કિ.મી.થી ૨૦૦૦ કિ.મી. માટે ૭.૫% નો અતિરિક્ત સરચાર્જ

• ૨૦૦૦ કિ.મી.થી વધુના અંતર માટે ૧૦% અતિરિકત સરચાર્જ

• તેની માન્યતા ૩૧.૧૨.૨૦૨૦ સુધી વધારી દેવામાં આવી છે.

૪. વજન ઓવરલોડિંગ માટે દંડની જોગવાઈઓમાં રાહત.

જો પ્રારંભિક બિંદુએ જ ઓવરલોડ વેગન માટે લોડ એડજસ્ટમેન્ટ કરવામાં આવે છે, તો વજન સમયે મળેલા ઓવરલોડ વેગન માટે રૂ. ૫૦૦૦ નો અટકાયત ચાર્જ પાછો ખેંચી લેવામાં આવે છે, જો ચેક પોઈન્ટ પર જ ઓવરલોડ વેગન માટે લોડ એડજસ્ટમેન્ટ કરવામાં આવ્યાં છે, તો ચેક પોઈન્ટથી આગળના વચગાળાના સ્થળ પર વજન દરમિયાન મળેલા ઓવરલોડ વેગન માટે નો દંડ ભરપાઈ પાછો ખેંચવામાં આવ્યો છે.જો કે ઓવરલોડ સાથે, પરિવહન ભાગ એટલે કે ચેક પોઈન્ટ સુધીના શિક્ષાત્મક ચાર્જ લાગુ પડે છે.

૫. ખાનગી સાઈડિંગ ગ્રાહકો માટે મફત સમય ડેબિટ / ક્રેડિટ સિસ્ટમ:

આ નીતિ ગ્રાહક-વિશિષ્ટ અને તે ગ્રાહકો માટે છે કે જે ખાનગી સાઈડિંગથી ટ્રાફિક પ્રદાન કરે છે અને જે દર વર્ષે એક મિલિયન ટ્રાફિક પ્રદાન કરે છે, પાર્ટીએ સંબંધિત રેલ્વેના ચીફ કમર્શિયલ મેનેજરનો સંપર્ક કરવો પડશે. ગ્રાહકને લોડિંગ અને અનલોડિંગ કામગીરી માટે પૂરા પાડવામાં આવતા ફ્રી ટાઈમથી બચાવવામાં આવેલા બધા સમય માટે ૧૦૦% ક્રેડિટ આપવામાં આવશે.સમાન પ્રકારનાં સ્ટોક અને પરિચાલન એટલે કે લોડિંગ અથવા અનલોડિંગ માટેના માસિક ધોરણે ડેબિટ સમય સામે ક્રેડિટ સમય ગોઠવવામાં આવશે.ક્રેડિટ સમય માટે કોઈ રીફંડ આપવામાં આવશે નહીં. ગોઠવણ પછી, તે મહિનાનો ક્રેડિટ / ડેબિટ સમય આગળ વધારવામાં આવશે નહીં. મહિનાના અંતમાં કુલ ડેબિટ સમય પર વિલંબ શુલ્ક લેવામાં આવશે. આ યોજના ૧૦.૧૦.૨૦૨૦ થી એક વર્ષના સમયગાળા માટે માન્ય છે.

૬. ખુલ્લા વેગન્સમાં બેગવાળી કન્સાઈનમેન્ટ લોડિંગ માટે મફત કલાકોમાં વધારો:

એન્જિન ઓન લોડ (ઈઓએલ) આધારે કામ કરતા સાઈડિંગ / ટર્મિનલ / માલ શેડ માટે ખુલ્લા વેગનમાં બેગવાળી કન્સાઈનમેન્ટ લોડ કરવા માટેના મફત કલાકને હાલના ૩ કલાકથી વધારીને ૬ કલાક કરવામાં આવ્યા છે. આ છૂટ ૦૧.૧૦.૨૦૨૦ થી ૩૧.૦૩.૨૦૨૧ સુધી છે.

૭.માલના ગ્રાહકો માટે હેન્ડલિંગ એજન્ટોના નામે ગ્રાહકો ને છુટ આપવું માલના ગ્રાહક વતી ભાડા ચુકવણી ઉપરાંત ફીના ચુકવણી માટે એજન્ટ્સના હેન્ડલિંગના નામે પૈસા મેળવવા માટેની સુવિધા પણ આપવામાં આવી છે. તેનો ફાયદો ઉઠાવવા માટે, ગ્રાહક દ્વારા રેલવેને આનુષંગિક ફી (વિલંબ અને ઘાટ ચાર્જ વગેરે) ભરવા માટેના એફિડેવિટને અધિકૃત કરનારા એફિડેવિટને ગ્રાહક દ્વારા કાનૂની ચાર્જ સહિતની તમામ જવાબદારી સહન કરવી પડશે.

૮. ટ્રેન લોડ લાભ માટે બીસીએનએચએલ રેક માળખામાં રાહતઃ ૪૨ જેટલા વેગન લોડ થયાના કિસ્સામાં, બીસીએનએચએલ રેક્સમાં ટ્રેન લોડ માઈલેજ મેળવવાની છે, એટલે કે બીસીએનએચએલની લઘુત્તમ રેક માળખું સુધારીને ૫૭ થી ૪૨ કરવામાં આવી છે જ્યારે ટ્રેન લોડ ચાર્જિંગ લાભ મેળવવા માટે મુક્તિ આપવામાં આવે છે.ગ્રાહકોને પણ હવે ૫૭ બીસીએનએચએલ વેગન ફરજિયાતરૂપે લોડ કરવાને બદલે ૩૪૨ બીસીએનએચએલ વેગન લોડ કરવા પર ટ્રેનનો ભારણ લાભ આપવામાં આવશે. જો કે, ૫૮ વેગનનું માનક રેક માળખું ચાલુ રહેશે. આ છૂટ ૩૧.૧૨.૨૦૨૦ સુધી વધારી દેવામાં આવી છે.

૯. બે બિંદુ સ્થળો વચ્ચેનું અંતરઃ -

બે પોઈન્ટ ગંતવ્ય ટર્મિનલ્સ માટે લોડ કરવાની પૂર્વશરત એ એક પૂર્વ-શરત હતી કે બે વ્યસ્તત ટર્મિનલ્સ વચ્ચેનું અંતર ઓછા વ્યસ્ત સિઝનમાં ૪૦૦ કિલોમીટર અને વ્યસ્ત મોસમમાં ૨૦૦ કિલોમીટરથી વધુ ન હોવું જોઈએ, બે પોઈન્ટના ઓરીજીનેટિંગ ટર્મિનલ્સથી લોડ કરવા માટે પણ ૨૦૦ કિલોમીટરથી વધુ ન હોવું જોઈએ. ટર્મિનલ વચ્ચે ફરજિયાત અંતર આપતી વખતે, બે પોઈન્ટ સ્થળોને આખા વર્ષ માટે સમાનરૂપે ઘટાડીને ૫૦૦ કિ.મી. કરવામાં આવ્યા છે. આ મુક્તિ બે સીઝન અથવા બે પોઈન્ટ ગંતવ્ય અથવા બે ઉદ્દભવતા ટર્મિનલ્સ જેવા પ્રવાહો વચ્ચે કોઈ તફાવત વિના મંજૂરી આપવામાં આવે છે. તેની માન્યતા ૩૧.૧૨.૨૦૨૦ સુધી વધારી દેવામાં આવી છે. શ્રી ઠાકુરે જણાવ્યું હતું કે માલ ગ્રાહકોના લાભ માટે અગાઉ માલવાહક ભાડા પ્રોત્સાહન યોજનાઓ ઉપરાંત ૯ માલવાહક પ્રોત્સાહન યોજનાઓ પણ શરૂ કરવામાં આવી છે જે પશ્ચિમ રેલ્વે પર ગુડ્ઝ ટ્રાફિકને પ્રોત્સાહન આપવા ચોક્કસપણે મહત્વની ભૂમિકા નિભાવશે.

## એ.પી.એમ.સી બોડેલી ખાતે મનરેગા યોજના

### અંતર્ગત બનાવવામાં આવનાર આંગણવાડી અંગે સેમિનાર યોજાયો









કમલમ દૈનિક, છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લામાં મનરેગા યોજના અને આઈ.સી.ડી.એસ યોજનાના કન્વર્ઝનથી બનાવવામાં આવનાર ૨૦૬ નવીન આંગણવાડીઓની ચર્ચા વિચારણા અને માર્ગદર્શન અંગે સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવાની અધ્યક્ષતામાં સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ માર્ગદર્શન સેમિનારમાં ઉપસ્થિત મેદનીને સંબોધતા ગીતાબેન રાઠવાએ જિલ્લાના વિકાસ માટે ખૂબ ટુંકા ગાળામાં જિલ્લા વિકાસ અધિકારી મિહિરભાઇ પટેલ દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની તેમણે પ્રસંશા કરી તેણે વર્કશોપ અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, જિલ્લામાં બનાવવામાં આવનારી આંગણવાડીઓ એકસરખી બને તે માટે માર્ગદર્શન આપવા માટે સેમિનાર યોજવામાં આવ્યો છે એમ કહી તેમણે કૂપોષણ દુર કરવા સરકાર પ્રયત્નશીલ છે. આપણે સરકારના કૂપોષણ નાબુદી અંગેના અભિયાનમાં સૌને સહભાગી થવા આહ્વાન કર્યું હતું. વધુમાં તેમણે મનરેગા યોજના અંતર્ગત ચલાવવામાં આવતી વિવિધ યોજના અંગે વિગતે જાણકારી આપી તેમણે લોકોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળે એ માટે મનરેગા યોજના અમલમાં મુકવામાં આવી હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત કેન્દ્ર અને રાજય સરકારની ખેડૂતો તેમજ સમાજના અન્ય વર્ગ માટે અમલી યોજનાનો જાગૃતપણે લાભ લેવા અનુરોધ કર્યો હતો.જિલ્લા વિકાસ અધિકારી મિહિરભાઈ પટેલે જણાવ્યું હતું કે, જિલ્લામાં મંજુર આંગણવાડી કેન્દ્રોની કામગીરી ઝડપથી પૂર્ણ કરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું એમ જણાવી તેમણે પોષણ સંબંધી તથા રસીકરણ સંબંધી તમામ કામગીરી માટે આંગણવાડી કેન્દ્ર હોવું જરૂરી છે એમ ઉમેરી તેમણે જિલ્લામાં ૨૧૦ આંગણવાડી જર્જરિત તેમજ બનાવવાની બાકી હતી. જે પૈકી ૨૦૬ આંગણવાડીઓ મંજુર કરવામાં આવી હતી. વર્કશોપનો ઉદેશ સ્પષ્ટ કરતા તેમણે જણાવ્યું હતું કે, ૨૦૬ આંગણવાડીઓના બાંધકામમાં એકરૂપતા જળવાઈ એ માટે માર્ગદર્શન આપવા માટે સેમિનાર યોજવામાં આવ્યો છે એમ જણાવ્યું હતું. ચાર મહિનાના સમયગાળામાં જ આ તમામે તમામ ૨૦૬ આંગણવાડીનું કામકાજ પૂર્ણ થઇ જાય એની તકેદારી રાખવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેન મુકેશભાઇ પટેલ, જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેર વસાવા, તાલુકા વિકાસ અધિકારીઓ, સરપંચો, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનો સ્ટાફ, જિલ્લા પંચાયતનો સ્ટાફ અને સંબંધકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુર ખાતે કલેક્ટરશ્રી આનંદ પટેલની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એક્તા દિવસના શપથ લેવાયા



કમલમ દૈનિક,

પાલનપુર કલેક્ટર કચેરી ખાતે બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલની ઉપસ્થિતિમાં રાષ?ટ્રીય એકતા દિવસના સપથ લેવામાં આવ્યા હતા. જેમા રાષ્ટ્રની એકતા, અખંડતા અને સુરક્ષા જાળવી રાખવા માટે સ્વયંને સમર્પિત કરવા માટેના શપથ લેવામાં આવ્યા હતાં. જેમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયા, નિવાસી અધિક કલેક્ટરશ્રી એ. ટી. પટેલ સહિત અધિકારીશ્રીઓ અને કલેક્ટર કચેરીના કર્મચારી ગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

## રાજ્યકક્ષા નાં વન અને આદિજાતિ વિકાસ મંત્રી શ્રી. રમણ ભાઈ પાટકર દ્વારા જોરદાર પ્રચાર









કમલમ દૈનિક, અરવલ્લી

કપરાડા વિધાનસભા ની પેટા ચૂંટણી અંતર્ગત જિલ્લા પંચાયત નાં વાડી અને કરચોડ નાં ગામો માં તેરીચિખલી , ટુકવાડા , વાળી , તીસકારી જંગલ , કરચોડ , અસ્ટોલ , મેઘવાળ , વિગેરે ગામો માં સહકાર અને રમત - ગમત મંત્રી શ્રી. ઈશ્વરસિંહ પટેલ , પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી મંગુભાઈ પટેલ , પૂર્વ ધારાસભ્ય શ્રી. માધુ ભાઈ રાઉત નાં સથવારે સઘન ચૂંટણી પ્રચાર કરેલ , ભાજપ નાં કર્મઠ અગ્રણીઓ રાજન ભાઈ રાઠોડ , મહેશ ભાઈ ભટ્ટ , મુકેશ ભાઈ પટેલ , રામદાસ વરઠા , પ્રકાશ ભાઈ પટેલ , કેતન ભાઈ (તાલુકા ભાજપ પ્રમુખ ધરમપુર ) ઉમરગાવ તાલુકા નાં ૨૫ સરપંચ શ્રીઓ , નરોત્તમ ભાઈ હળપતિ , અને અનેક ભાજપઅગ્રણીઓ ઉપસ્થિત રહેલ ,ઉપરોક્ત તમામ અગ્રણીઓએ ભાજપ નાં ઉમેદવાર જીતુભાઈ ચૌધરી ને જંગી બહુમતી એ વિજયી બનાવવા અપીલ કરેલ , દરેક ગામો માં ઉપસ્થિત જન મેદની એ ભાજપ ને મત આપવાની ખાત્રી આપેલ .

## હિન્દુ યુવા સંગઠન ભારત (સાબરકાંઠા) દ્વારા લવજેહાદ - રેપ રોકવા માટે "સંકટ સમય ના ભાઈઓ" નામની એક નવી પહેલ કરવામાં આવી







કમલમ દૈનિક, અરવલ્લી

હિન્દુ યુવા સંગઠન સાબરકાંઠા ની ટીમ દ્વારા હિંમતનગર માં આવેલ મોટા મંદિર , દેરાસર માં સંકટ સમય ના ભાઈઓ લખેલ બોક્ષ લગાવવામાં આવ્યા છે, જે બહેન દીકરી ને હેરાનગતિ કે કોઈ મુંજવણ હશે તે આ બોક્ષ માં પોતાનો પ્રશ્ન મૂકશે, હિન્દુ યુવા સંગઠન ના ભાઈઓ દીકરી ની માહિતી ગુપ્ત રાખી એ પ્રશ્ન નું યોગ્ય નિવારણ લાવવાનો પ્રયત્ન કરશે, સંગઠને આ કાર્ય દ્વારા હરિયાણા માં લવ જેહાદ ષડયંત્ર નો ભોગ બનેલ કોલેજ વિદ્યાર્થિની નિકિતા તોમર દ્વારા ધર્મ પરિવર્તન નો અસ્વીકાર કરતાં જાહેર માં રોડ પર ગોળી મારી હત્યા થયેલ હોવાથી એને સાચી શ્રદ્ધાંજલિ આપવામાં આવી. હિંમતનગર ના હરસિદ્ધ મંદિર , મહાવીરનગર જૈન દેરાસર થી શરૂઆત કરી છે , આગામી સમય માં ઉત્તર ગુજરાત ના હરેક જિલ્લા , શહેર, ગામ માં આ બોક્ષ લગાવવામાં આવશે,

# નખત્રાણા-દયાપર અને નલિયામાં શિક્ષકોની મતદાન જાગૃતિ બાઈક રેલી યોજાઈ



કમલમ દૈનિક, ભુજ

અબડાસા વિધાનસભાની પેટા ચૂંટણી સંદર્ભે નખત્રાણા,દયાપર અને નલિયા મુકામે મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત તાલુકાના પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બહોળી સંખ્યામાં શિક્ષક મિત્રો જોડાયા હતા અને નગરના મતદારોમાં આગામી ૦૩-૧૧-૨૦૨૦ના યોજાનાર અબડાસા વિધાનસભાની ચૂંટણીમાં મોટા પ્રમાણમાં મતદાન કરવા સંદેશ ફેલાવ્યો હતો. નખત્રાણા મુકામે આજે સવારે બાઈક રેલીને જિલ્લા નોડલ અધિકારી જીફઈઈ અને જિલ્લા શિક્ષણાધિકારી ડો.બી.એન.પ્રજાપતિ અને નખત્રાણા પ્રાંત અધિકારીશ્રી મેહુલ ભાઈ બરાસરા દ્વારા રેલીને પ્રસ્થાન કરવામાં આવી હતી. અબડાસા તાલુકા મથક નલિયા ખાતે યોજાયેલી રેલીને મામલતદારશ્રી એન.એલ.ડામોર અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શિ.નિ.શ્રી મન્સુરી દ્વારા રેલી પ્રારંભ થઈ હતી. જયારે લખપત તાલુકા મથક દયાપર ખાતે યોજાયેલી રેલીને મોડેલ સ્કૂલ દયાપરના આચાર્યશ્રી સંજયભાઈ નાઈ એ પ્રસ્થાન કરાવ્યું હતું. અબડાસા વિધાનસભાના વિસ્તારના ત્રણેય તાલુકા મથકોએ યોજાયેલ આજની આ બાઈક રેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી પ્રવિણા ડી.કે., જિલ્લા નાયબ ચૂંટણી અધિકારીશ્રી એમ.બી.પ્રજાપતિ, અબડાસા વિધાનસભા ચૂંટણી અધિકારીશ્રી પ્રવિણસિંહ જૈતાવતના માર્ગદર્શન મુજબ સ્પર્ધાનું આયોજન જિલ્લા નોડલ અધિકારી જીફઈઈ અને જિલ્લા શિક્ષણાધિકારી ડો.બી.એન.પ્રજાપતિ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જે.પી પ્રજાપતિ માર્ગદર્શનમાં કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના સુચારુ સંચાલન અને સંકલન જિલ્લા શિક્ષણાધિકારી કચેરી-ભુજના શિ.નિ.શ્રી બી.એમ.વાઘેલા ,મ.શિ.નિ.શ્રી જી.જી.નાકર અને કુ.દિપીકાબેન પંડ્યાએ કર્યું હતું. ત્રણેય તાલુકા મથકોએ બાઈક રેલીની વ્યવસ્થા ગોઠવવામાં એસ.વી.એસ. કન્વીનરશ્રી, બી.આર.સી.શ્રી, સી.આર.સી.શ્રી, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ વગેરેનો સહયોગ મળ્યો હતો.





# સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની ભુર્ગભ ગટર વ્યવસ્થા અંતર્ગત ૧૧ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ૬૦ સુએઝ પમ્પીંગ સ્ટેશન કાર્યરત છે

કમલમ દૈનિક, સુરત,

સુરત મહાનગરપાલિકા દ્વારા સુઆયોજિત ભુર્ગભ ગટર વ્યવસ્થા મારફતે શહેરમાંથી ઉત્પન્ન થતા મલિન જળનું એકત્રીકરણ કરી શહેરના અલગ અલગ વિસ્તારમાં આવેલા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ થકી શુધ્ધિકરણ કરવામાં આવે છે. મલિન જળના અસરકારક એકત્રીકરણ તથા શુધ્ધિકરણ માટે ભુર્ગભ ગટર વ્યવસ્થા અંતર્ગત ૧૧ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ૧૧૭૩ એમ.એલ.ડી. અને ૬૦ સુએઝ પમ્પીંગ સ્ટેશન દ્વારા ૨૦૩૮.૫૦ એમ.એલ.ડી અને અંદાજે ૧૯૫૭ કિલો મીટર ભુર્ગભ ગટર લાઈન કાર્યરત છે. પાલિકાના કુલ કાર્યક્ષેત્રમાં ૨૩૬.૫૧ ચો.કિ.મી. વિસ્તાર પૈકી ૯૪ ટકા રહેણાંક વિસ્તાર અંતર્ગત ૯૯.૫૦ ટકા વસ્તીને વસતિને સુઆયોજિત સુએજ સીસ્ટમથી આવરી લેવામાં આવી છે. વર્ષ ૨૦૧૯-૨૦માં સુએજ સિસ્ટમના કામો અંતર્ગત હયાત સુએજ નેટવર્કના સુધારણા હેઠળ ૨૩.૭૦ કિ.મી. સુએજ નેટવર્ક લાઈનો અને ૧૯.૮૦ કિ.મી. સુએજ નેટવર્ક લાઈનો તથા ૪૧.૦૫ રાઈઝીંગ મેઈન / ટ્રાન્સમીશન લાઈનો નાંખવામાં આવી છે. ભટારથી બમરોલી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી સેકન્ડરી ટ્રીટેડ વેસ્ટ વોટર માટે ટ્રાન્સમીશન લાઈન અને પાલ, પાલનપોર વિસ્તારની હયાત ડ્રેનેજ નેટવર્ક ઓગ્મેન્ટેશન તેમજ વેસુ - ભરથાણામાં ડ્રેનેજ સુવિધા પુરી પાડવા અંતર્ગત ડ્રેનેજ ગ્રેવીટી નેટવર્ક તથા આનુસાંગિક ખજોદ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને જોડતી એમ.એસ. રાઈઝીંગ મેઈન નળિકાની કામગીરી પુર્ણ કરવામાં આવી છે.

સાઉથ ઝોન (ઉધના) વિસ્તાર માટે નવા ઉન સુએઝ પમ્પીંગ સ્ટેશનથી ડિંડોલી તથા લિંબાયત વિસ્તારમાં પ્રતાપનગર પમ્પીંગ સ્ટેશન વિસ્તારની રાઈઝીંગ મેઈન લાઈનની કામગીરી પુર્ણ કરવા આવેલ છે. વરીયાવ ગામના આંતરિક રસ્તાઓ પર બાકી રહેલા ડ્રેનેજ નેટવર્ક નાંખવામાં આવી છે. સુએઝ પમ્પીંગ સ્ટેશનના કામો અંતર્ગત છાપરાભાઠા, સીમાડા, મગોબ, અલથાણ, નવા આંજણા (ભાઠેના), નોર્થ ઉમરા, પ્રતાપનગર, પીપલોદ, ભરીમાતા સુએઝ પમ્પીંગ સ્ટેશન ખાતે ઈલેકટ્રીકલ/મિકેનીકલ ઓગમેન્ટેશનની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. તેમજ નવાગામ, લિંબાયત વિસ્તારમાં પ્રતાપનગર, ટી.પી.સ્કીમ નં.૫ અને ૧૩ (વેસુ - ભરથાણા)માં ડ્રેનેજ સુવિધા પુરી પાડવા અંતર્ગત ટી.પી.સ્કીમ નં. ૧૩ ફા.પ્લોટ નં.૧૬૮ ખાતે ૧૪૨.૮૦ એમ.એલ.ડી. ક્ષમતાના સુએઝ પમ્પીંગ સ્ટેશન બનાવવાની કામગીરી સંપન્ન થઈ છે.

# ન્યાય મંદિરમાં બેસી લોકોને ન્યાય આપવાની સાથે રાજકોટના એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ પ્રશાંત જૈને પ્લાઝમા ડોનેટ કરી નિભાવ્યું સામાજિક ઉત્તરદાયિત્વ




કમલમ દૈનિક,

"કોરોના" આ ત્રણ શબ્દનો અક્ષર આજે સમગ્ર વિશ્વને હચમચાવી રહ્યો છે. પ્રત્યેક દેશ કોરોનાના સંક્રમણથી તેમના નાગરિકોને બચાવવા કોરોના રસીના સંશોધન માટે કટિબધ્ધ બની કાર્ય કરી રહ્યા છે, તેવા સમયે કોરોનાગ્રસ્ત લોકો માટે આશાનું કિરણ બની રહી છે પ્લાઝમા થેરેપી. આજે વિશ્વના દેશો કોરોનાની રસી પાછળ નાણાંની સાથે સમય-શક્તિ ખર્ચી રહ્યા છે, તેવા સમયે સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટના લોકો પ્લાઝમા થેરાપી થકી કોરોનાગ્રસ્ત લોકોને નવજીવન આપવામાં મહત્વની ભૂમિકા નિભાવી રહ્યા છે. આજે વાત કરવી છે, આવા જ એક ઉચ્ચ વૈચારિક શક્તિ ધરાવતા અને રાજકોટના ન્યાય મંદિરમાં એડિશનલ ડિસ્ટ્રીકટ જજના મહત્વપૂર્ણ હોદ્દા ઉપર કાર્યરત શ્રી પ્રશાંત જૈનની. રાજકોટમાં રહેતા એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ શ્રી પ્રશાંત જૈનને તારીખ ૧૦ મી સપ્ટેમ્બરના રોજ કોરોના પોઝિટિવ આવતા તેમણે હોમ કવોરન્ટાઈન થઈને મલ્ટીવિટામીન અને હોમિયોપેથીક દવાઓ શરૂ કરી, સાથો-સાથ નાસ અને હળદરવાળું દૂધ તેમજ ઉકાળા સહિત આયુર્વેદિક ઉપચાર પદ્ધતિ પણ અપનાવી. એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ શ્રી પ્રશાંત જૈન કોરોના સંક્રમણથી માંડીને કોરોનામુક્ત બની તેમણે કરેલા પ્લાઝમા ડોનેશનની વિગતે વાત કરતાં કહે છે કે, કોરોનાથી ગભરાવાની જરાય જરૂર નથી. તમે ગભરાશો તો માનસિક રીતે કમજોર થશો, અને જો માનસિક કમજોર થશો તો તમને વધુ તકલીફ પડશે. મને જ્યારે કોરોના પોઝિટિવ આવ્યો ત્યારે તરત જ મારા પરિવારના અન્ય લોકોને પણ મારી સાથે જ નાસ લેવા, ઉકાળા પીવા જેવા આયુર્વેદિક ઉપચાર પણ શરૂ કરાવ્યા હતા, જેના કારણે મારા પરિવારના અન્ય ત્રણ સદસ્યો અને મારા વયોવૃદ્ધ સાસુ-સસરાને કોરોના પોઝિટિવ આવ્યો હોવા છતાં પણ તેઓ ખૂબ ઝડપથી તેમાંથી બહાર નીકળી શક્યા છે. મારા સસરાને તો ડાયાબિટીસની બીમારી પણ હતી તેમ છતાં પણ તેઓ કોરોના સામેનો જંગ ઝડપથી જીતી ગયા. કોરોનામુક્ત બન્યા બાદ પ્લાઝમા ડોનેટનો વિચાર કેવી રીતે આવ્યો ? તે બાબતે જજ શ્રી પ્રશાંત જૈન કહે છે કે, મારા ઘર પાસે જ એનેટોમી ડિપાર્ટમેન્ટમાં લેક્ચરર તરીકે ફરજ બજાવતાં ડોક્ટર સોનલ રહે છે. તેમણે મને પ્લાઝમા ડોનેટ કરવા બાબતે પૃચ્છા કરતા મને થયું કે મે અત્યાર સુધીમાં અનેક વાર બ્લડ ડોનેટ કર્યું છે તો આ વખતે લોકોને કોરોનામુક્ત બનાવવા માટે પ્લાઝમા પણ ડોનેટ કરૂ. અને મે આ વિચારને અમલમાં મૂકી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં જઈને પ્લાઝમા ડોનેટ કરી મારું સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે.કોરોનાની મહામારીથી ગભરાઈ રહેલા લોકોને પ્રેરક સંદેશ આપતા તેઓ કહે છે કે, કોરોનાના કારણે થોડી કમજોરી જરૂર આવી જાય છે, પણ લોકોએ ગભરાવાની જરાય જરૂર નથી. કોરોનાથી જો બચવું હોય તો પ્રત્યેક વ્યક્તિએ સાવચેતી રાખવી જરૂરી છે. આ ઉપરાંત નાસ લેવો તથા આયુર્વેદિક ઉપચાર પદ્ધતિ તેમજ હોમિયોપેથી દવા દ્વારા કોરોનાને અવશ્ય હરાવી શકાય છે. કોરોના મહામારીથી લોકોને બચાવવા આજે જ્યારે સમગ્ર વિશ્વ કાર્ય કરી રહ્યું છે, એવા સમયે ગુજરાતમાં વસતા પ્રત્યેક વ્યક્તિ કોરોના સામેની લડાઈમાં કોરોના વોરિયર્સ તરીકેની ભૂમિકા અદા કરી કોરોના મુક્ત ગુજરાત - ભારતની વિભાવનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહ્યા છે.

# અમદાવાદ ગ્રામ્યના વિવેકાનંદનગર પોલીસ દ્વારા રન ફોર યુનિટીના કાર્યક્રમ નું આયોજન

**વહેલી સવારે ૭:૧૦ કલાકે હાથીજન સર્કલથી 5 km રન ફોર યુનિટીને Dy.sp કે.ટી. કામરીયા દ્વારા લીલી ઝંડી આપવામાં આવી હતી.**








**હાથીજણ સ્વામિનારાયણ મંદિરના સંત દ્વારા દોડ લગાવનાર જવાનો પર પુષ્પ વર્ષા કરવામાં આવી હતી.**

કમલમ દૈનિક,

"પોલીસ સંભારણા સપ્તાહ" અંતર્ગત ધંધુકા પોલીસ સ્ટેશન દ્વારા ચાર કિલોમીટર સુધીની દોડ "રન ફોર યુનિટી" નું આયોજન દક્ષિણામૂર્તિ વિદ્યામંદિર ખાતે કરવામાં આવ્યું હતુ. ચાર કિલોમીટર સુધીની દોડમાં પોલીસ, ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ,ટ્રાફિક બ્રિગેડ (ટી.આર.બી.), રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ) તેમજ મામલતદાર કચેરી ના સ્ટાફ મળીને કુલ ૯૦ લોકોએ ભાગ લીધો હતો. શ્રી મુસ્તકભાઈ દ્વારા તમામ પ્રતિસ્પર્ધીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.

**પોલીસ સંભારણા સપ્તાહ" અંતર્ગત ધંધુકા પોલીસ સ્ટેશન દ્વારા રન ફોર યુનિટી યોજાઈ**

**પાદ્ધની રન ફોર યુનિટી ની દોડમાં પોલીસ જવાન સહિત જી.આર.ડી, ટી.આર.બી, હોમગાર્ડ તેમજ ગામના સરપંચ અને જાગૃત નાગરિકો મળીને અશરે ૧૫૦ લોકોએ દોડ લગાવી હતી.**

દક્ષિણામૂર્તિ વિદ્યામંદિરથી કાશીવિશ્વનાથ મહાદેવ (અડવાળ રોડ)સુધી ચાર કિલોમીટની દોડને ધંધુકા પી.આઈ.શ્રી વાય.બી.ગોહિલે લીલી ઝંડી ફરકાવીને પ્રસ્થાન કરાવ્યું. વિજેતાઓમા પ્રથમ ક્રમે :--પંકજભાઈ કિશોરભાઈ સારોલા (NSS), દ્વિતીય:--અંકિતભાઈ જયેશભાઈ પનારા (NSS), તૃતીય :--હાર્દિકભાઈ બુધાભાઈ સારોલા (NSS) રહ્યા હતા.રન ફોર યુનિટીના આયોજનના સૌજન્ય દાતા અક્ષર ગ્રૂપના શ્રી નરેન્દ્રસિંહજી ચુડાસમા દ્વારા ત્રણેય સ્પર્ધકને શિલ્ડ અને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.તથા ઈનામ વિતરણ ધંધુકા પી.એસ.આઈ.શ્રી ઝાલા ,હોમગાર્ડઝ કમાન્ડર શ્રી આઈ.પી.ડાભી (જી.આર ડી), ઈન્ચાર્જ શ્રી હરજીભાઈ,નાયબ મામલતદાર શ્રી ખોખરભાઈ ,પ્રોફેસર શ્રી પટેલના હસ્તે કરવામાં આવ્યું હતુ.

**રન ફોર યુનિટીના ૫ ાદ્ધ દોડ માં પ્રથમ, દ્વિતીય અને ત્રીજા ક્રમે આવનાર પુરુષ અને મહિલા ને ઈનામ તેમજ સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.**

**કોરોના માહમારીને ધ્યાનમાં રાખીને સોશિયલ ડિસ્ટન્સ તેમજ સરકારની ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવ્યું હતું.**

**Dy.sp દ્વારા એકતાની દોડ પૂર્ણ થતાં ભાગ લેનાર તમામને દેશની એકતા અને અખંડતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.**

# સખી વન સ્ટોપ સેન્ટરમાં સમાધાન થયેલા દંપતિઓ અને સાસુ-સસરાનો સન્માન સમારોહ યોજાયો



કમલમ દૈનિક, જૂનાગઢ

સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા સમાધાન થયેલા દંપતિઓ અને સાસુ-સસરાનો સન્માન સમારોહ તા. ૨૩-૧૦-૨૦૨૦ ના યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૮ દંપતિઓ અને સાસુ સસરાને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પૂર્વ મેયર આધ્યશક્તિબેન મજમુદાર, બાળ કલ્યાણ સમિતિના અધ્યક્ષ રમિલાબેન કથીરીયા, મહિલા અગ્રણી આરતીબેન જોષી, દક્ષાબેન જોષી, પીઆઈ જે.પી.વરીયા વગેરે ઉપસ્થિત રહી દંપતિઓને આશિર્વચન આપ્યા હતા. જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારી જસાણી તથા જિલ્લા પ્રતિબંધક અધિકારી જાદવના માર્ગદર્શન હેઠળ બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત આ સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન સખી વન સ્ટોપ સેન્ટરની સમગ્ર ટીમ, મહિલા શક્તિ કેન્દ્રની ટીમે કર્યું હતું. આભારવિધી પોલીસ બેઈઝ સ્પોર્ટ સેન્ટરના કમર્ચારીએ કરી હતી. જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી જૂનાગઢ સંચાલિત સખી વનસ્ટોપ સેન્ટર જૂનાગઢમા છેલ્લા દોઢ વર્ષથી કાર્યરત છે. હિંસા પિડીત મહિલાઓને એક જ સ્થળ પર પરામર્શ, તબીબી સહાય, પોલીસ સહાય, કાનુની સહાય અને હંગામી ધોરણે આશ્રય મળે છે. આ સેન્ટર હિંસા પિડીત બહેનો માટે આશિર્વાદરૂપ છે.

# દેશલપરની કોરોના ટીમ દ્વારા પોઝીટીવ દર્દીઓની ઘેર-ઘેર થતી તપાસ અને જાગૃતિ



કમલમ દૈનિક, ભુજ,

કોરોના એ જ્યારે વિશ્વમાં પોતાનો પગ પસારો કર્યો છે ત્યારે કચ્છ જિલ્લો પણ તેનાથી અછૂતો નથી. આવા વિપરીત સમયમાં કે કોરોના ના દર્દીઓ કે જેઓને ૧૪ દિવસ સુધી ઘરે બંધાયેલા રેહવાનો વારો આવે ત્યારે તેવા પીડિત દર્દીઓ પોતાની તપાસ માટે ક્યાંય જઈ સકતા નથી કે કોઈ સગા પણ પૂછપરછ કરી શકતા નથી, આવી વિપરીત પરિસ્થિતીમાં સરકારશ્રી તથા આરોગ્ય વિભાગના રાષ્ટ્રીય બાલ સ્વસ્થ કાર્યક્રમ (RBSK) ની વિવિધ ટીમો દ્વારા કોરોનાગ્રસ્ત દર્દીઓની ઘરે ઘરે જઈને તપાસની કરવામાં આવી રહી છે. RBSK દેશલપર ટીમના તબીબ ડૉ શિવાની ઠક્કર, ડૉ પ્રિતેશ સોની, ફાર્મસીસ્ટ મેહુલ સ્યામ તથા હ્રૐઉ શારદાબેન એ અનેક દર્દીઓને દરરોજ મુલાકાત લે છે તથા તેમના vitals એટ્લે કોરોનામાં મુખ્ય પરિબળો જેવા કે જૅર શરીરનું તાપમાન એ માપે છે તથા તેમણે થતી તકલીફોનું નિરાકરણ કરે છે છેલ્લા લાંબા સમયથી થતી આ મુલાકાતોથી ગણા દર્દીઓ સાજા થયા છે. આ સિવાય દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોનું પણ ડેટા લઈ જરૂર પડે એ સંપર્કો વાળા વ્યક્તિઓને પણ સ્થળ પર જ રેપિડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવી રહયું છે આ તમામ પ્રયાસોથી આપણે કોરોના પર કાબૂ રાખી શકીએ અને દેશલપરની ટીમ આ વાત ઘરે ઘરે ફરીને સમજાવી રહી છે.

# ગીર સોમનાથ જિલ્લાના ૧૮ ગામોને પાણી પુરૂ પાડવા માટે રૂા.૫૩૬.૫૧ લાખ મંજુર

**ગીર સોમનાથ જિલ્લા કલેક્ટરશ્રી અજયપ્રકાશના અધ્યક્ષસ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતીની બેઠક યોજાઈ**




કમલમ દૈનિક, ગીર-સોમનાથ

ગીર-સોમનાથ જિલ્લા કલેકટરશ્રી અજયપ્રકાશના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવાસદન, ઈણાજ ખાતે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજઈ હતી. આ બેઠકમાં ગીર સોમનાથ જિલ્લાના ૧૮ ગામોને પાણી પુરૂ પાડવા માટે રૂા. ૫૩૬.૫૧ લાખની વહીવટી મંજુરી આપવામાં આવી હતી. ઉના તાલુકાના નાથેજ રૂા.૪.૮૧ લાખ, મેણ રૂા.૨૨.૪૦ લાખ, વરસીંગપુર રૂા.૩૮.૪૧ લાખ, નલીયા માંડવી રૂા.૨૪.૯૮ લાખ, ગીરગઢડા તાલુકાના કોદીયા રૂા.૩૭.૭૬ લાખ, કરેણી રૂા.૩૪.૨૬ લાખ, મોતીસર રૂા.૩૩.૯૯ લાખ, ઉંબરી રૂા.૩૨.૩૬ લાખ, થોરડી રૂા.૧૭.૩૩ લાખ, જૂના ઉગલા રૂા.૪૫.૧૧ લાખ, કોડીનાર તાલુકાના છાછર રૂા.૪૧.૦૪ લાખ, બાવાના પીપળવા રૂા.૧૪.૦૮ લાખ, સિંધાજ રૂા.૨૮.૭૯ લાખ, તાલાળા તાલુકાના જાવંત્રી રૂા.૪૯.૯૬ લાખ, વડાળા રૂા.૩૩.૭૪ લાખ, પીપળવા રૂા.૩૫.૫૪અ લાખ, વેરાવળ તાલુકાના માથાસુરીયા રૂા.૩૧.૭૧ લાખ, આદ્રી રૂા.૧૦.૨૪ લાખના ખર્ચે પાણી પુરૂ પાડવા માટે વહીવટી મંજુરી આપવામાં આવી હતી. તેમજ ૩૪૪૯ ઘરોમાં નળ કનેકશન આપવામાં આવશે. આ પ્રસંગે વાસ્મો યુનિટ મેનેજરશ્રી વી.એન.મેવાડા, પા.પૂ. કાર્યપાલક ઈજનેરશ્રી એન.એચ.રાઠોડ, જિલ્લા કોર્ડીનેટર અલ્કા મકવાણા, ટેકનિકલ મેનેજર મુકેશભાઈ બલવા, સોશ્યલ મેનેજર રામભાઈ ખાંભલા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રધાનમંત્રી ૩૧ ઓક્ટોબરના રોજ ગુજરાતના કેવડિયામાં એક્તા દિવસની ઉજવણીમાં સહભાગી થશે

## એક્તાની પ્રતિજ્ઞા લેવડાવશે અને એક્તા દિવસની પરેડમાં સામેલ થશે

### શ્રી નરેન્દ્ર મોદી ઈન્ટિગ્રેટેડ ફાઉન્ડેશન કોર્સ "આરંભ" ના બીજા સંસ્કરણમાં ભારતીય સનદી સેવાઓના તાલીમી અધિકારીઓ સાથે વાતચીત કરશે



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ ગુજરાતના કેવડિયામાં "લોહપુરુષ" સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિના ઉપક્રમે એકતા દિવસની ઉજવણીમાં સહભાગી થશે. શ્રી નરેન્દ્ર મોદી સ્ટેચ્યૂ ઓફ યુનિટી પર શ્રદ્ધાસુમન અર્પણ કરશે, એકતા માટેની પ્રતિજ્ઞા લેવડાવશે અને આ પ્રસંગે એકતા દિવસની પરેડના સાક્ષી બનશે. પ્રધાનમંત્રી કેવડિયામાંથી વીડિયો કોન્ફરન્સ મારફતે મસૂરી સ્થિત લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય વહીવટી અકાદમી (એલબીએસએનએએ)ના પ્રોબેશનરી અધિકારીઓને સંબોધિત કરશે. આ વર્ષ ૨૦૧૯માં પહેલીવાર શરૂ થયેલા ઈન્ટિગ્રેટેડ ફાઉન્ડેશન કોર્સ આરંભનો ભાગ છે. કેવડિયાના સંકલિત વિકાસના ભાગરૂપે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૩૦મી અને ૩૧મી ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ વિવિધ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે. એમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીની એકતા ક્રૂઝ સર્વિસને લીલી ઝંડી આપવી, એકતા મોલનું ઉદ્ઘાટન તથા ત્યાં ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્કનું ઉદ્ઘાટન સામેલ છે. શ્રી નરેન્દ્ર મોદી યુનિટી ગ્લો ગાર્ડનમાં સંયુક્ત રાષ્ટ્રની તમામ ભાષાઓમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીની વેબસાઈટનું પણ લોકાર્પણ કરશે તથા કેવડિયા એપ લોંચ કરશે. પ્રધાનમંત્રી કેવડિયામાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટને જોડતી સીપ્લેન સેવાનો પણ પ્રારંભ કરાવશે

- **એકતા ક્રૂઝ સર્વિસઃ-**
  એકતા ક્રૂઝ સર્વિસ દ્વારા કોઈ પણ વ્યક્તિ શ્રેષ્ઠ ભારત ભવનથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી સુધીના ૬ કિલોમીટરના અંતરમાં ફેરી બોટ સર્વિસ દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના શ્રેષ્ઠ અને રોમાંચક નજારાને જોઈ શકે છે. આ ૪૦ મિનિટની સફર એક બોટમાં થઈ શકશે, જેમાં એકસાથે ૨૦૦ પેસેન્જર સવાર થઈ શકે છે. ન્યૂ ગોરા બ્રિજ ફેરી સર્વિસની કામગીરી માટે ખાસ બનાવવામાં આવ્યો છે. બોટિંગ ચેનલનું નિર્માણ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લેનાર પ્રવાસીઓને બોટિંગ સેવા પ્રદાન કરવા થયું છે.
- **એકતા મોલઃ-**
  આ મોલમાં ભારતની વિવિધતામાં એકતાનું દર્શન કરાવતી હસ્તકળા અને પરંપરાગત ચીજવસ્તુઓની વિવિધ રેન્જ પ્રદર્શિત થશે. આ મોલ ૩૫૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલો છે. તેમાં ૨૦ એમ્પોરિયા સામલે છે, જે ભારતના દરેક રાજ્યનું ચોક્કસ રીતે પ્રતિનિધિત્વ કરે છે જેનું નિર્માણ ફક્ત ૧૧૦ દિવસમાં થયું છે.
- **ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્કઃ-**
  આ બાળકો માટે વિશ્વનો સૌપ્રથમ ટેકનોલોજી સંચાલિત ન્યૂટ્રિશન પાર્ક છે, જે ૩૫૦૦૦ ચોરસ ફૂટમાં પથરાયેલો છે. એક ન્યૂટ્રિ ટ્રેન પાર્કમાં ફરશે અને વિવિધ રોમાંચક થીમ આધારિત સ્ટેશન પર ઊભી રહેશે. આ સ્ટેશનના નામ 'ફલ્શાકા ગ્રિહામલ્લ, 'પાયોનગરીલ્લ, 'અન્નપૂર્ણાલ્લ, 'પોષણ પુરાણલ્લ અને 'સ્વસ્થ ભારતમલ્લ છે. આ મિરર મેઝ, ૫ડી વર્ચ્યુઅલ રિયાલિટી થિયેટર અને ઓગમેન્ટેડ રિયાલિટી ગેમ્સ જેવી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા પોષણ સંબંધમાં જાગૃતિ લાવશે.
- **આરંભ ૨૦૨૦:-**
  આરંભ એક પહેલ છે, જેનો આશય અખિલ ભારતીય સેવા, ગ્રૂપ-એ કેન્દ્ર સરકારની સેવા અને વિદેશી સેવાના તાલીમી અધિકારીઓને એક સરખા ફાઉન્ડેશન કોર્સ (સીએફસી) માટે એકમંચ પર લાવવાનો છે. સીએફસી પાછળનો આશય સનદી અધિકારી તરીકેની કારકિર્દીની શરૂઆતથી જ વિભાગો અને સેવાઓની અગાઉથી ચાલી આવતી પરંપરાઓને તોડવાનો અને નાગરિકોને શ્રેષ્ઠ સેવાઓ પૂરી પાડવા નવો ચીલો ચાતરવાનો છે. આરંભનો ઉદ્દેશ સનદી અધિકારીઓને તમામ વિભાગો અને ક્ષેત્રોમાં પરિવર્તન માટે નેતૃત્વ લેવા અને શ્રેષ્ઠ કામ કરવા સક્ષમ બનાવવાનો છે. "આરંભ"ની શરૂઆત વર્ષ ૨૦૧૯માં ૯૪મા ફાઉન્ડેશન કોર્સના ભાગરૂપે થઈ હતી, જેમાં ૨૦ સેવાઓના તાલીમી અધિકારીઓ (ઓટી) ગુજરાતના કેવડિયામાં સ્થિત સ્ટેચ્યૂ ઓફ યુનિટમાં એક અઠવાડિયા લાંબા કાર્યક્રમમાં સહભાગી થાય છે. આ કાર્યક્રમના અંતે આદરણીય પ્રધાનમંત્રી સમક્ષ રજૂઆત થાય છે, પછી તેઓ તાલીમી અધિકારીઓને સંબોધિત કરે છે. આરંભ ૨૦૨૦નું બીજું સંસ્કરણ ચાલુ વર્ષે ૧૪થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ એલબીએસએનએએમાં યોજાયુ છે, જેમાં ૧૮ સેવાઓના ૪૨૮ તાલીમી અધિકારીઓ અને રોયલ ભૂટાન સેવાના ત્રણ અધિકારીઓ સહભાગી થયા છે. જોકે પ્રવર્તમાન રોગચાળાની સ્થિતિને કારણે ચાલુ વર્ષે આરંભ ૨૦૨૦ વર્ચ્યુઅલ માધ્યમ થકી યોજાયો છે, જેની થીમ તરીકે "ગવર્નન્સ ઈન ઈન્ડિયા જ઼૧૦૦" છે. એની પેટા થીમ "એક ભારત શ્રેષ્ઠ ભારત", "આત્મનિર્ભર ભારત" અને "નવીન ભારત" છે, જેમાં ભારતમાં સાંસ્કૃતિક વિવિધતા અને સમન્વયના પ્રભાવ ભાર મૂકવામાં આવ્યો છે. એમાં આર્થિક વિવિધતા અને એકતાની તાકાત, ઊર્જા, સ્વાસ્થ્યમાં આત્મનિર્ભરતા, બ્લેક સ્વાન ઈવેન્ટ એટલે કે અનપેક્ષિત સ્થિતિસંજોગોમાં મોટી વ્યવસ્થાઓ ઊભી કરવા પર, શિક્ષણ, ઉદ્યોગ અને વહીવટીમાં સંશોધન અને નવીનતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

# મંત્રીમંડળે ભારત અને કંબોડિયા વચ્ચે આરોગ્ય અને ઔષધી ક્ષેત્રમાં સહયોગ અંગેના સમજૂતી પત્રને મંજૂરી આપી

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળે ભારત અને કંબોડિયા વચ્ચે આરોગ્ય અને ઔષધી ક્ષેત્રમાં સહયોગ અંગેના સમજૂતી પત્ર (એમઓયુ) પર હસ્તાક્ષરને મંજૂરી આપી છે. દ્વિપક્ષીય એમઓયુ આરોગ્ય ક્ષેત્રમાં સંયુક્ત પહેલ અને તકનીકી વિકાસ દ્વારા બંને દેશો વચ્ચેના સહયોગને પ્રોત્સાહિત કરશે. તે ભારત અને કંબોડિયા વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવશે. એમઓયુ તેની હસ્તાક્ષરની તારીખથી અસરકારક બનશે અને પાંચ વર્ષ સુધી અમલમાં રહેશે.

બંને સરકારો વચ્ચે સહકારના મુખ્ય ક્ષેત્રોમાં નીચેના મુદ્દાઓ સામેલ છે:

- માતા અને શિશુનું આરોગ્ય;
- કુટુંબ નિયોજન;
- એચ.આઈ.વી / એડ્સ અને ટીબી;
- ડ્રગ્સ અને ફાર્માસ્યુટિકલ્સ;
- તકનીકી સ્થાનાંતરણ;
- જાહેર આરોગ્ય અને રોગશાસ્ત્ર;
- રોગ નિયંત્રણ (કમ્યુનિકેબલ અને નોન-કમ્યુનિકેબલ);
- તબીબી સંશોધન અને વિકાસ, કંબોડિયાની રાષ્ટ્રીય નૈતિક સમિતિની મંજૂરીને ધ્યાનમાં રાખીને અને ભારતમાં સંબંધિત વિભાગ / મંત્રાલય દ્વારા મંજૂરીને આધિન;
- તબીબી શિક્ષણ;
- જાહેર આરોગ્યના ક્ષેત્રમાં આરોગ્ય માનવબળ વિકાસ;
- ક્લિનિકલ, પેરા-ક્લિનિકલ અને મેનેજમેન્ટ કુશળતામાં તાલીમ; અને
- સહકારના અન્ય કોઈપણ ક્ષેત્ર જેમાં પરસ્પર નિર્ણય લેવામાં આવે.




# અરવલ્લી જિલ્લા સેવાસદન હોલ મોડાસા ખાતે કલેક્ટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકર સહિત અધિકારીઓએ રાષ્ટ્રીય એક્તા દિવસના શપથ લીધા

કમલમ દૈનિક, અરવલ્લી

લોહપુરુષ સ્વ. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ- ૩૧ ઓકટોબરના દિવસને દર વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગ રૂપે મોડાસા કલેક્ટર કચેરી ખાતે અરવલ્લી જિલ્લા કલેક્ટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકરે તથા અધિક કલેકટર શ્રી આર.જે.વલવીની અધ્યક્ષતામાં અન્ય અધિકારીઓએ રાષ્ટ્રીય એકતા દિવસના શપથ લેવામાં આવ્યા હતા. જેમા રાષ્ટ્રની એકતા, અખંડીતા અને સુરક્ષા જાળવી રાખવા માટે સ્વયંને સમર્પિત કરવા માટેના શપથ લેવામાં આવ્યા હતાં. જેમાં અધિક નિવાસી અધિક કલેકટરશ્રી આર.જે. વલવી સહિત અધિકારીશ્રીઓ અને કલેક્ટર કચેરીના કર્મચારી ગણ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

# માંડવી તાલુકા પંચાયત પ્રમુખ રાણશીભાઈ ગઢવી દ્વારા તલાટીઓનું સન્માન કરાયું





કમલમ દૈનિક, અજય ખત્રી

માડવી તાલુકા પંચાયત પ્રમુખ રાણશીભાઈ ગઢવી દ્વારા તાલુકાના તલાટીઓની કામગીરીને બિરદાવી તેમનો સન્માન કરવામાં આવ્યું હતું.

વહીવટને ગતિશલ બનાવવા અને વિકાસકામોમાં ઝડપ લાવવા તલાટીઓ મહત્વની ભૂમિકા ભજવતા હોય છે ત્યારે આ કામગીરીની કદરરુપ તલાટીઓની સન્માન કરાયો હોવાની લાગણી રાણશીભાઈએ વ્યકત કરી હતી. તાલુકાના તલાટીઓનો શાલ તેમજ સન્માન પત્રથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માન બદલ તલાટી મંડળના પ્રમુખ રાઘવદાન ગઢવીએ ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા અને તાલુકા પંચાયત પ્રમુખ રાણશીભાઈ ગઢવીની આભાર વ્યકત કર્યો હતો.

તાલુકા વિકાસ અધિકારી શ્રી ગોહિલ, સરપંચ સંગઠનના પ્રમુખ વરજાંગ ગઢવી, સા.ન્યાય.સ. ચેરમેન કેશવજી રોશીયા, કિર્તી ગોર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલના નિધન અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરતા રાજ્યપાલશ્રી


**ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને રાજ્યના અગ્રણી રાજનેતા શ્રી કેશુભાઈ પટેલના દુઃખદ નિધન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી સદ્ગતને શ્રદ્ધાંજલિ પાઠવી છે.**



કમલમ દૈનિક,


રાજ્યપાલશ્રીએ સદગતને શ્રદ્ધાંજલિ પાઠવતાં જણાવ્યું છે કે, સ્વ. કેશુભાઈ પટેલ ખરા અર્થમાં લોકોના નેતા હતા. ગુજરાતના સર્વાંગી વિકાસમાં તેમનું પ્રદાન ક્યારેય ભૂલી શકાશે નહિ. સ્વ. કેશુભાઈ પટેલે તેમનું સમગ્ર જીવન રાષ્ટ્રહિતના કાર્ય માટે અર્પણ કર્યું હતું. ગુજરાતનો સર્વાંગી વિકાસ તેમના જીવનનું લક્ષ્ય હતું. સ્વ. કેશુભાઈ પટેલના નિધનથી ગુજરાતના જાહેર જીવનને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેમના નિધનથી પરિવારજનો ઉપર આવી પડેલા અસહ્ય દુઃખને સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ પ્રદાન કરે અને સદગતના આત્માને ચિર શાંતિ અર્પે તેવી રાજ્યપાલશ્રીએ પ્રાર્થના પણ વ્યક્ત કરી છે.

# શામળાજી મંદિરમાં કોરોના મહામારી ના નીતિ નિયમો ના અમલ સાથે શરદ પુનમના દર્શન ચાલુ રહેશે..




કમલમ દૈનિક, અરવલ્લી

કોરોના મહામારી માં સરકાર ની ગાઈડલાઈન મુજબ ના નીતિ નિયમોનું પાલન સાથે શામળાજી વિષ્ણુ મંદિર ખાતે શારદપૂર્ણિમા યોજાશે. પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી માં શરદપૂનમ ના રોજ દર્શન ચાલુ રહેશે. શામળાજી મંદિર ટ્રસ્ટની યાદી મુજબ સવારે ૬.૦૦ કલાકે મંગળા આરતીના દર્શન સાથે મંદિરના દ્વાર ખુલી ૮.૩૦ કલાકે બંધ થશે. બપોરના દર્શન ૧૧.૩૦ કલાકથી ૧૨.૧૫ કલાક સુધી અને ૧૨:૩૦. કલાકથી ૨.૧૫ કલાક સુધી દર્શન ખુલ્લા રહેશે. જ્યારે સાંજે સંધ્યા આરતી ૬.૩૦ કલાકથી લઈ શયન આરતી બાદ રાત્રે ૮.૩૦ દર્શન બંધ રહેશે.




# દાહોદ જિલ્લા પોલીસ દ્વારા પોલીસ સ્મૃતિ દિનની ઉજવણીના ભાગરૂપે વેબીનાર યોજાયો

## રાષ્ટ્રનિર્માણમાં પોલીસની સંવેદના–સક્રિયતા–સજ્જતા મહત્વનું હોવાનું જણાવતા લેખક શ્રી જય વસાવડા



## કોરોના મહામારીના સમયમાં શાંતિ–સલામતિ જાળવી રાખવામાં પોલીસકર્મીઓની ભૂમિકા મહત્વની હોવાનું જણાવતા પોલીસ વડા શ્રી હિતેશ જોયસર

કમલમ દૈનિક, દાહોદ

દાહોદ જિલ્લા પોલીસ દ્વારા પોલીસ સ્મૃતિ દિનની ઉજવણીના ભાગરૂપે એક વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનારમાં જાણીતા લેખક અને વકતા શ્રી જય વસાવડાએ રાષ્ટ્રનિર્માણમાં પોલીસની ભૂમિકા ઉપર સરસ પ્રવચન કર્યું હતું. વેબીનારને પોલીસ તાલીમ ભવન ખાતેની વિશાળ સ્કિન ઉપરાંત વિવિધ પોલીસ મથકો પરના સેંકડો પોલીસ જવાનોએ નિહાળ્યો હતો અને જિલ્લાના નાગરિકો મોટી સંખ્યામાં ઓનલાઈન વેબીનારમાં જોડાયા હતા. પોલીસ વડા શ્રી હિતેશ જોયસરે વેબીનારમાં જણાવ્યું કે, રાષ્ટ્રનિર્માણ એ ખૂબ વિશાળ કાર્ય છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને નાગરિકોને સુરક્ષા-શાંતિનો અહેસાસ થાય છે. ત્યારે રાષ્ટ્ર વિકાસની દિશામાં આગળ ધપે છે. દાહોદમાં કોરોના મહામારીના સમયમાં પોલીસ જવાનો હંમેશા ફ્રન્ટ્લાઈન વોરિયર્સ તરીકે આગળ રહ્યા. આ કપરા સમયમાં શાંતિ-સલામતિ જાળવી રાખવામાં પોલીસ જવાનોએ ખૂબ અગત્યની ભૂમિકા ભજવી છે. ખાસ કરીને સ્થળાંતરિત મજૂરોને યુ.પી., બિહાર જેવા પોતાના રાજયોમાં મોકલવામાં પોલીસે દિવસરાત એક કરીને અમૂલ્ય યોગદાન આપ્યું છે અને માનવતાની જ્યોતને પણ પ્રજ્વલિત રાખી છે તે માટે દાહોદના જવાનોની કામગીરીને બિરદાવું છું. રાષ્ટ્રનિર્માણમાં પોલીસની ભૂમિકા ઉપર પ્રવચન કરતાં લેખક શ્રી જય વસાવડાએ જણાવ્યું કે, નાગરિકો માટે એક ઈમાનદાર, લડવૈયો, કદી ન ઝુકે એવા પોલીસ જવાનની એક આદર્શ છબી હોય છે. સિનેમાની સ્કિન પર જયારે પોલીસને આ રીતે ઝઝુમતો બતાવાયો છે ફિલ્મ હંમેશા સુપરહીટ જ ગઈ છે. આપણા પોલીસ જવાનો ખૂબ ઓછા-ટાંચા સાધનો સાથે, ઘણા બધા દબાણ વચ્ચે કામગીરીને પાર પાડે છે. કોઈ પણ મૂશ્કેલ કેસ-ગુનાને તેઓ પોતાની સામાન્ય સૂઝબૂજને આધારે ઉકેલતા હોય છે. લોકો માટે પોલીસ અસલી જિંદગીના હિરો છે. મેં ત્રીસથી વધુ દેશોનો પ્રવાસ કર્યો છે અને એ દેશોની પોલીસના અનુભવો પરથી કહું છું કે આપણા દેશની પોલીસ સર્વશ્રેષ્ઠ છે. જયાં વિદેશોમાં આધુનિક ફોરેન્સિક સાયન્સ વગેરેનો બહોળો ઉપયોગ કરીને ગુના ઉકેલવામાં આવે છે. અહીંયા પોલીસ બહુ મોટી ભીડમાં પણ વ્યક્તિના હાવભાવ, વાણી-વર્તન અને ચહેરો જોઈને ગુનેગારને ઓળખી પાડે છે. સરકાર ગુનાખોરીને કડક હાથે ડામવા પ્રયત્નશીલ છે ત્યારે પોલીસ જવાનોને યોગ્ય વાતાવરણ મળે એ પણ એટલું જ જરૂરી છે. પોલીસ જવાનોની કામગીરીના સંદર્ભમાં તેમણે નાગરિક ધર્મની વ્યાખ્યા કરતા જણાવ્યું કે, નરસિંહ મહેતાએ રચેલું 'વૈષ્ણવજન તો તેને રે કહીએલ્લ એ પદ જાણે પોલીસ જવાનો માટે જ સટીક બેસે છે. નાગરિકો કોઈ ઘટના માટે સંવેદના જન્મે છે પણ એટલી જ જરૂરી સક્રિયતા પણ છે. પોલીસ જવાનો જયારે કોઈ ચોરી-લૂટફાંટ-બળાત્કાર જેવી ઘટનામાં સંવેદના સાથે સક્રિયતા પણ એટલી જ બતાવે છે. નરસિંહ મહેતાના પદમાં કહેવાયું છે તેમ તે 'પરદુખે ઉપકાર કરે અને મન અભિમાન ન આણે રેલ્લ એટલે કે માત્ર નિમિત બનીને, હળવાસથી આખી બાબતમાંથી પસાર થઈ જવાનું છે. પોલીસે 'પીડ પરાઈ જાણીનેલ્લ એટલે કે સંવેદના સાથે સક્રિયતા દાખવવાની હોય છે. પોલીસની કામગીરી વિશે વાત કરતા શ્રી વસાવડાએ જણાવ્યું કે, પોલીસે પોતાના જીવનમાં સહજતા, સ્વભાવિકતા અને સક્રિયતા વણી લેવાની છે. મોટા અધિકારીઓ સ્પોર્ટસ કે સિનેમા થકી પોતાનો સ્ટ્રેસ રીલેક્સ કરતા હોય છે તેવો જવાનો પાસે વિકલ્પ નથી હોતો ત્યારે સતત સ્ટ્રેટમાં કામ કરતા જવાનોએ અગાઉ કહ્યું તેમ તેમણે સ્ટ્રેસ લેવાનો નથી માત્ર સહજતાથી આ બધામાંથી પસાર થવાનું છે. સામાન્ય નાગરિક જયારે વર્દીધારી પોલીસને જુએ છે તો એક હાશકારો અનુભવે છે. ટ્રેનમાં કોઈ સ્ત્રી એકલી મુસાફરી કરતી હોય કે રાતના બહાર જવાનો પ્રસંગ બને ત્યારે પોલીસને જોઈને આપણને શાંતિનો અહેસાસ થાય છે. આ માનસિક હાશકારોએ પોલીસની પ્રતિષ્ઠા છે. અંગ્રેજી પોલીસ શબ્દમાં જેમ દરેક અક્ષરનો અર્થ કરવામાં આવે છે તેમ પોલીસમાં વફાદારી, હિંમત, બુદ્ધિચાતુર્ય જેવા ગુણો વણાયેલા હોય છે. જેમ દરવાજે ઊભેલો વ્યક્તિ કંપનીની ઓળખ છે, જેમ બેંકનો કેશિયર એ સામાન્ય ગ્રાહક માટે બેંકની ઓળખ છે, બેંકનો સીઈઓ નહી તેમ દરેક પોલીસ જવાન એ પોલીસની ઓળખ છે. આ ઓળખને દરેક જવાને સાચવવાની છે. જેમ કૃષ્ણના એક હાથમાં નરાધમો માટે સૂદર્શન ચક્ર પણ છે અને એક હાથમાં ગોપીઓ માટે વાંસણી પણ વગાડે છે અને મહત્વની વાત એ છે કે સૂદર્શન ચક્ર વિના વાંસણી કોઈ વાગવા નહીં દે. પોલીસે પોતાની આ ભૂમિકા સમજવાની છે. જેમ નાના નાના પીકસેલ થકી જ સ્કિન પર મોટું દશ્ય રચાય છે તેમ દરકે નાના પોલીસકર્મીઓથી જ પોલીસની મોટી છબી નિર્માણ પામે છે. શ્રી વસાવડાએ જણાવ્યું કે, રાષ્ટ્રનિર્માણ માટે જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન સાથે જય ઈમાન સૂત્ર પણ પોલીસ જવાનોએ યાદ રાખવાનું છે. જયારે પણ પોલીસ સો ટકા ઈમાનદારીથી નિષ્ઠાપૂર્વક કામ કરે છે ત્યારે તેની નોંધ લેવાય જ છે. ઓફીસમાં પણ આવા કર્મચારીની ગેરહાજરી તરત વર્તાય છે. રાષ્ટ્રનિર્માણ માટે જવાનોએ સરળ, સહજ અને સજ્જ બનવું પણ એટલું જ જરૂરી છે. પોલીસે એટલા ગળ્યા પણ થવું નહીં કે કોઈ ગળી જાય અને એટલા કડવાં પણ ન થવું કે કોઈ થુકી દે. જેમ મમ્મી ઘરમાં જે રીતે સંચાલન કરે છે તે રીતે જ જવાનોએ કર્તવ્ય નિભાવવાનું છે. નિષ્ઠા, સમર્પણભાવ અને ત્યાગની ભાવના થકી જ ગાંધીજી સાથે કરોડો ભારતીયો જોડાયા હતા. જવાનોએ આ વાત કેળવવાની છે. વેબીનારમાં શ્રી જય વસાવડાએ ગાંધીજીની સમાધિ પર અંકિત વાતને સમજાવતા જણાવ્યું કે, દરેક નાગરિકે ગુનાખોરીથી દૂર રહેવા આ સાત વાતો અપનાવવાની જરૂર છે. પરિશ્રમ વિનાના પૈસાને પાપ ગણવું, સદાચારવિહિન વેપાર, સિદ્ધાંતવિહિન રાજકારણ, ચારિત્રવિહિનશિક્ષણ,કલ્યાણવિહિન વિજ્ઞાન, વિવેકહીન સુખ અને વૈરાગ્યવિહિન ઉપાસનાને પાપ સમાન ગણવી. વેબીનારમાં દાહોદ સાથે જોડાયલા સંભારણા યાદ કરતા તેમણે જણાવ્યું કે, દાહોદના બાવકાનું શિવ મંદિર, દેવગઢ બારીયા અને અન્ય પ્રાકૃતિક સ્થળો ખરેખર જોવાલાયક છે. અહીંની કચોરી સહિતની ખાણીપીણી પણ તેમને ખૂબ પ્રિય હોવાનું જણાવ્યું હતું. વેબીનારનું સુચારૂ સંચાલન જિલ્લા માહિતી કચેરીના સહાયક સંપાદક શ્રી દર્શન ત્રિવેદીએ કર્યું હતું. મોટી સંખ્યામાં ઓનલાઈન જોડાનારા નાગરિકો, પોલીસ જવાનો થકી વેબીનાર ખૂબ જ સફળ રહ્યો હતો.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028